શ્રી

# મુનિ શ્રી કુશળચંદ્રજી વિરહ.

મુનિ શ્રી પુનમચંદ્રજીની આજ્ઞાથી

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા. મંગળદાસ લલુભાઈ.

અમદાવાદ—શામળાની પોળ.

પ્રત ૧૦૦૦.

અમદાવાદ પીરમસા રોડ ઉપર નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસમાં

લલ્લુભાઈ ઈશ્વરભાઈએ છાપ્યું.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

અમૂલ્ય.

# પુષ્પાંજલિ.

આ અનાદિ અગમ્ય જગતમાં જુદા જુદા સમયે ઓછાવત્તા પ્રમાણમાં કોઇ કોઇ મહા પુરૂષો પાકે છે. તેઓનો જન્મ સ્વપરના હિતાર્થેજ થાય છે. કેટલાક દેશ દિપક, કેટલાક કોમદિપક અને કેટલાક કુળદિપક થાય છે, ત્યારે કેટલાક તો કેવળ ધર્મદિપક થઇ પોતાનો જન્મ કૃતાર્થ કરી પોતાનું અને પરનું કલ્યાણ કરે છે.

હાલમાં શ્રી કુશળચંદજી મહારાજ જેમણે બાસઠ વર્ષના દીર્ઘ પર્યાયનું નિરતિચાર ચારિત્ર પાળ્યું, તેમનો કચ્છમાં આવેલા કોડાય ગામમાં ચાલતી સાલના ભાદ્રવા સુદ ૧૦ ના રોજ દેહોત્સર્ગ થયો, તે ધર્મદિપક મહાત્મા સ્વભાવે શાંત દાંત અને ઘણાજ સરળ હતા. રાગ દ્વેષ તો જેમનાથી સદાને માટે રીસાઇ ગયા હતા. તે ત્યાગી વૈરાગી અને મહા સોભાગી હતા. તેમની પાસે કષાયને રહેવાનું તો સ્થાનજ નહોતુ. એવા મહાત્માનું નામ આ રંગ બેરંગી જગતની રમણીય રંગભૂમિ ઉપર હમેશાને માટે અમર રહે. એવી કેટલીક યોજનાઓ મધ્યેની આ પ્રથમ અને મુખ્ય યોજના એ મહાત્માના ગુણ ગ્રામ ગાવાના સાધન ( પુસ્તક ) ની છે. માટે તેને પુષ્પની માફક વધાવી લેવાની પાઠક ગણ જૈન સમાજને નમ્ર વિનંતી છે.

શા. મં. લ.

# આભારપત્ર.

મહાન્ યોગિંદ્ર શ્રી કુશળચંદ્રજી મહારાજના ગુણગ્રામ ગાવાને જૈન સમાજને અનુકુળ પડતી રશીલી કવિતા રચી આપવા અમદાવાદ નિવાશી જૈન કવી સાંકળચંદ પીતાંબરદાસ શાહને વિજ્ઞાપના કરતાં તેમણે ઘણી ખુશીની સાથે ગુરૂ મહારાજના અનન્ય ભક્ત તરિકે તે સ્વિકારી લેઈ કોઈપણ જાતના બદલા વિના માત્ર પરોપકારાર્થે ઘણીજ ઉત્તમ પ્રકારની અલંકાર યુક્ત રસમય કવિતાઓથી આ પુસ્તક શ્રી કુશળચંદ્રજી મહારાજના વડીલ શિષ્ય શ્રી વિજયચંદ્રજીના નામ મુદ્રાંકિત રચી આપ્યું, તેથી હું તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

શા. મંગળદાસ લલુભાઈ.

અમદાવાદ—શામળાની પોળ.

——:o:——

# મુનિશ્રી કુશળચંદ્રજી વિરહ.

## મંગળાચરણ.

રાગ સારંગ.

નમો નમો મંગળમય મહાવીર—એ રાગ.

નમો નમો પાર્શ્વચંદ્ર સૂરીરાજ, જે ભવસાગર ઝાઝ. નમો નમો. ટેક.
નાગપુરી તપગણ નભદીનકર, સૂરિશ્વર સૌ [1]શીરતાજ. નમો૦
પંચમ આરે પડતે કાળે, ઉધર્યો જૈનસમાજ. નમો નમો૦
કરી કિરીયા ઉદ્ધાર સ્વપરનાં, સકળ સુધાર્યાં કાજ. નમો નમો૦
બાળબોધ આગમ રચના કરી, બાળ ગ્લાન મુનિ કાજ. નમો૦
બોલ એકાદશ વર્ણન કીધા, ગ્રન્થ ગુંથ્યા શ્રુતસાજ. નમો૦
દુશકાળે વૃષ્ટિ કરી બુઝવ્યો, માલદેવ મહારાજ. નમો૦
અધુના એ સૂરી પાટ પરંપર, શ્રી ભ્રાતૃચંદ્ર સૂરીરાજ. નમો૦
સુવિહિત ગીતારથ ગચ્છ ધોરી, પદકજ પ્રણમું આજ. નમો૦
ઉપકારી ગુરૂ સ્થવિર ગીતારથ, શ્રી કુશળચંદ્ર મુનિરાજ. નમો૦
વિજય મહોદય એ ગુરૂનામે, રિદ્ધિ સિદ્ધિ સુખસાજ. નમો૦

---

[1] મુગટ.

# યોગિંદ્ર શ્રી કુશળચંદ્રજીનું જીવન ચરિત્ર.

### આછેલાલની દેશી.

પંચ મહાવૃત ધાર, પાળે પંચાચાર;
આછેલાલ તે ગુરૂને નિત્ય વંદનાજી,
ધર્મ ધુરંધર ધીર, અપ્રતિબદ્ધ સમીર;
આ૦ કરતા પાપ નિકંદનાજી. ૧

ખાંત્યાદિક યતિ ધર્મ, જાણે કર્મના મર્મ,
આ૦ સંત એ સરળ સ્વભાવનોજી;
કુશળચંદ્ર મુનિરાજ, ભવસાગરમાં ઝાઝ,
આ૦ પંચમ આરે પાવનોજી. ૨

ગીતારથ ભવભીરૂ, સાગર સમ ગંભીર,
આ૦ અધુના સ્વર્ગે સંચરેજી;
તેહનું ચરિત્ર રસાળ, સંક્ષેપે ભણું હાલ,
આ૦ સુણતાં ભવભય નિસ્તરેજી. ૩

દક્ષિણ ભરતઽભિરામ, કચ્છ કોડાય સુગામ,
આ૦ અલકાપુરી સમઽલંકર્યુંજી;
જીન મંદિર મનોહાર, જ્ઞાન તણા ભંડાર,
આ૦ પંડીત પુરૂષોથી ભર્યુંજી. ૪

સમકીત શ્રદ્ધાવંત, શ્રાવક અતિ ગુણવંત,

આ૦ રિદ્ધિ સિદ્ધિથી સુહંકરૂજી;
જેતસીભાઇ સુજાત, શ્રાવક કુળ વિખ્યાત,
આ૦ તસ કુળ ગયણુ દીવાકરૂજી. ૫
તસ ઘર લક્ષ્મિ સમાન, અમઈબાઇ ગુણવાન,
આ૦ ઉદ્દર માનસર હંસલોજી;
કોરશીભાઈ સુજાણ, ભાવી થશે મુનિભાણ,
આ૦ લેખ વિધાત્રાનો ફળયોજી. ૬
યુગવસુવસુ શશિ (૧૮૮૪) સાલ,જન્મી વધ્યા આલપાલ,
આ૦ યોવન વયે પરણાવીયાજી;
લઘુવય શાસ્ત્ર અભ્યાસ, કીધો મન ઉલ્લાસ,
આ૦ વૈરાગે મન વાસીયાજી. ૭
ભવ નાટકથી ત્રાસ, રૂચે ન ભોગ વિલાસ,
આ૦ મૃગજળ તૃષ્ણા નવ ગમેજી;
આ સંસાર અસાર, જન્મ મરણનો ન પાર,
આ૦ ભવરણમાં ભુલા ભમેજી. ૮
પાંચ મિત્રની સાજ, આવ્યા સિદ્ધગિરિરાજ,
આ૦ ગુરૂ ગુણદરીયા ત્યાં મળ્યાજી;
હર્ષચંદ્ર સૂરીરાજ, નાગોરી ગચ્છાધિરાજ,
આ૦ દેશના સુણી શંશય ટળ્યાજી. ૯
વર્ષ ઓગણીસહેં સાત, દિક્ષા લીધી ગુરૂ હાથ,
આ૦ દેવગુરૂાદિ સમક્ષમાંજી;
આગમનો અભ્યાસ, ગુરૂગમ તત્વ પ્રકાશ,
આ૦ ગુરૂની કૃપાથી લે લક્ષમાંજી. ૧૦

સંજમ સતર પ્રકાર, નિરતીચાર વ્યવહાર,
આ૦ પાળી પળાવી વિચરેજી;
શાંતદાંત અણગાર, નિગ્રન્થ મુનિ સરદાર,
આ૦ સાધુ સાધવી શત ઉદ્ધરેજી. ૧૧

નાગપુરીય તપ ગચ્છ, અધુના છે મુનિ સ્વચ્છ,
આ૦ સૌ પરિવાર એ ગુરૂ તણોજી;
વિચરી દેશ વિદેશ, કીધો ભવિ ઉપદેશ,
આ૦ તાર્યા નરનારી ગણોજી. ૧૨

કચ્છમાં અતિ ઉપકાર, ભુલે નહિ નરનાર,
આ૦ જામનગર જંખે ઘણુંજી;
બાસઠ વર્ષ પર્યાય, શુદ્ધ ચારિત્રનો થાય,
આ૦ છ્યાશી વર્ષનું વય ભણુંજી. ૧૩

ભક્તિ રૂતુખંડ વ્યોમ, (૧૯૬૯) ભાદ્ર દશમ શુકલ સોમ,
આ૦ મરણ સમાધીમાં શમ્યાજી;
મોહ કોહ નહિ માન, શત્રુને મિત્ર સમાન,
આ૦ રાગ દ્વેષ જસ ઉપશમ્યાજી. ૧૪

અંતે અનશન કીધ, ખમત ખામણા દીધ,
આ૦ મરણને જે મહોત્સવ ગણેજી;
એ ગુરૂના ગુણ ગ્રામ, ગાતાં સફળા કામ,
આ૦ વિજયચંદ્ર સેવક ભણેજી. ૧૫

# ગુરૂશ્રીના સ્વર્ગ ગમનથી જૈન સમાજે કરેલો વિલાપ.

અરણીક મુનિવર ચાલ્યા ગોચરી-એ રાગ.

ગુરૂ ગુણ દરીયારે ક્યાં મળશે હવે ?
શ્રી કુશળચંદ્ર ઉપકારીરે,
સ્થવિર ગીતારથ ગણચિંતક ગયા;
તાર્યા ભવિ નરનારીરે. ગુરૂ. ૧
નાગપુરી તપ ગચ્છ ધુરંધરૂ,
પાર્શ્વચંદ્ર સૂરી રાજરે;
મહા પ્રભાવક પ્રભુસમ જે થયા,
સુવિહીત ભવો દધિઝાઝરે. ગુરૂ. ૨
ગચ્છ પરંપરા નિગ્રન્થ મુનિ થયા,
શ્રી કુશળચંદ્ર અણગાર રે;
ચરણ કરણ વ્રત ધારક નિર્મળા,
શાસનના શણગાર રે. ગુરૂ. ૩
દેહધારી મૂર્તિ એ ધર્મની,
કરૂણા રસ ભંડારરે;
ચોથા આરાની એ વાનગી,
નિરાધાર આધાર રે. ગુરૂ. ૪
ગંગાજળ સમ નિર્મળ સદ્ગુરૂ,
અઘમળ પાવન કારીરે;
એ ગુરૂ સ્વર્ગે આજ સિધાવીયા,
શોકાતુર નરનારીરે. ગુરૂ. ૫
મુનિજન માનસ હંસ ઉડી ગયો,

ધન્ય ધરા શણગારરે;
ધર્મ ધુરંધર ધોરી ક્યાં ગયો ?
જઠશે ક્યાં અણુગાર રે. ? ગુરૂ. ૬
ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી,
જન્મ્યા જ્યાં ગુરૂ રાજરે;
ધન્ય ધરા પદકજે પાવન કરી;
સાર્યા સ્વપરનાં કાજરે. ગુરૂ. ૭
પુછ્યા પ્રતિઉત્તર કોણ આપશે,
કોણ કરશે શંધ સાજ્યરે;
મધુરા વચને રે કોણ બોલાવશે,
ક્યાં પ્રગટ્યો દીન આજરે ? ગુરૂ. ૮
જે ઉગ્યો તે અવસરે આથમે,
જન્મ્યો તે મરનારરે;
અવસર વિતેરે એક દીન ચાલવું,
અમર ન કોઇ રહેનાર રે. ગુરૂ. ૯
સફળ જીવન પણ જાણો તેહનું,
જે સદ્દગુણ ભંડાર રે;
પરદુઃખ ભંજન ઉપકારી ગુરૂ,
બાહ્યાંતર સમ ધારરે. ગુરૂ. ૧૦
એવા ગુરૂનું સમરણ જે કરે,
તસઘર મંગળમાળરે;
અડ સિદ્ધી નવ નિધિ સુખ સંપદા,
વરે વિજય વરમાળરે, ગુરૂ. ૧૧

### સુંદર શામળીયા નામ જપીશ નિત્ય તારૂં—એ રાગ

ગિતારથ ગુણુ દરીયા,શ્રી કુશળચંદ્ર મહારાજ,રત્ન ત્રીકથી ભરીયા,
ભવ સાગરમાં ઝાઝ, ગીતારથ ગુણુ દરીયા. એ ટેક.

પંચ મહાવ્રત નિર્મળ પાળી, અડપ્રવચન માતા સંભાળી,
દોષ બેતાળીશ અહારના ટાળી, નિરતી ચાર સંજમ અજવાળી,
સ્વર્ગ સિધાવ્યા આજ. ગીતારથ. ૧

રથ સીલાંગ તણા ગુરૂ ધોરી, હાથ કરી શ્રુત જ્ઞાનની દોરી,
નિગ્રન્થ પાસે નહિ એક કોરી, દોલત દુનીયાં દીવાની છોરી;
સ્વપર સુધર્યાં કાજ. ગીતારથ. ૨

ગીરૂઆ શાંત દાંત મુનિરાયા, મોહ કોહ મમતા નહિ માયા,
જેનાં નિર્મળ મન વચકાયા, જગમાં જયશ્રી એ ગુરૂ પાયા,
પૂજ્ય એ જૈન સમાજ. ગીતારથ. ૩

જંગમતિરથ મહા મુનિરાયા, ભવ અટવીમાં શિતળ છાંયા,
જગમાં જેના સુજશ ગવાયા, સમતા સાગર અનુભવ પાયા,
એવા નર વિરલાજ. ગિતારથ. ૪

એ ગુરૂ સમરે જે ભવિ ભાવે, દુઃખ દોહગ તેનાં સૌ જાવે,
રિદ્ધિ સિદ્ધિ સુખ સંપદ પાવે, વિજયચંદ્ર ગુરૂના ગુણ ગાવે,
શુભ સંજમ સામ્રાજ્ય. ગિતારથ. ૫

## શ્રી વીર નિર્વાણુ પદનું દીવાળી કલ્પનું સ્તવન.

અબતો પાર ભયે હમ સાધુ-એ રાગ.

વીર નીસનેહી હું સસનેહી, મોકલીયો મને ગામરે;
વીશવાશી વીરે છેતરીયો, પહોચ્યા શીવપુર ઠામરે. વીર. ૧
હે ! હે ! વીર કર્યું અણુઘટતું, ગોયમ પભણે નાથરે;
અંત સમે મુજને છેહ દીધો,શું હું આવત સાથરે. વીર. ૨
ગોયમ ગોયમ કોણુ હવે કહેશે, પ્રતી ઉત્તર કોણુ દેશેરે,
શંધ સાજ્ય વીર વીણુ કોણુ કરશે,કોણુ સંશય હવે કહેશેરે.વીર.૩
અસ્ત થયો જિન ભાનુ આજે, મિથ્યા તિમીર છવાશેરે;
કુમતિ કૌશીક જાગૃત થાશે, ચોર ચુગલ વધી જાશેરે. વીર.૪
ચઉદ સહસ મુનિવર પ્રભુતારે, મારે તું વીર એકરે;
રડવડતો મુકીને ચાલ્યા, સાંકડું થયું શિવ છેકરે. વીર. ૫
આજ લગે સુપનાંતર અંતર, મેં તુજ સાથ ન રાખ્યોરે;
મોહન મુજથી અંતર રાખ્યો,તુજ મન નેહ ન દાખ્યોરે.વીર ૬
પુણ્યકથા પ્રભુ કોણુ હવે કહેશે, તુજ વિણુ જગદાધારરે;
ત્રીગડે બેશીને વીર વહાલા, દ્યો દરીશણુ એક વારરે. વીર ૭
પણુ હું અજ્ઞ એ વાટે ચાલ્યા, ન મળે ફરી નિરધારરે;
હું રાગી મહાવીર નિરાગી, સાધ્યો સ્વાર્થ શ્રીકારરે. વીર. ૮
હું વીર વીર કહું વીર ન બોલાવે, સ્વારથીઓ સંસારરે;
નીષ્ઠુર હૈડા નેહ ન કીજે, નેહથી ભવ જંજાળરે. વીર. ૯
હું કોણુ વીર કોણુ નહી કોઇ કોઇનું, રાગે ભવ દુઃખ ખાણુરે;
સહજ કલાનિધિ ગોયમને તવ, પ્રગટ્યું કેવળ નાણુરે. વીર.૧૦
કારતક માસ અમાસની રાતે, ભાવદિપક થયો અસ્તરે;
દેવે દ્રવ્ય દીવાળી કીધી, પ્રગટી લોક સમસ્તરે. વીર. ૧૧

## ॥ અથ ગુરૂ સ્તુતિ. ॥

### હરિગીત છંદ.

નાગોરિ તપગણ ભાનુ સરતરૂ પાર્શ્વચંદ્ર સૂરિશ્વરૂ ।
તસપટ પરંપર ગુણ પુરંદર હરખચંદ્ર મુનિશ્વરૂ ॥
સુભ શિષ્ય દિક્ષીત તેહના નિગ્રંથ વર વાચક મુદા ।
મુનિરાજ માનસ હંસ સમ શ્રીકુશલચંદ્ર નમું સદા ॥૧॥
જે જ્ઞાનિ ધ્યાનીને અમાની રાગ દ્વેષ કર્યા પરા ।
વળી શાંત દાંત મહંતને ગુણવંત ગીતારથ ધરા ॥
આર્જવ અને માર્દવ ગુણે કરી ચરણ ચૂકે નહીં કદા ।
મુનિરાજ માનસ હંશ સમ શ્રીકુશલચંદ્ર નમું સદા ॥ ૨ ॥
સગ વીશ ગુણ સંયુક્ત દશ વિધ ધર્મ યતિ સંભાળતા ।
તે તિર્થ જંગમ વિશ્વ વિચરી ઊભય લોક ઊજાલતા ॥
ગુરૂરાજના શુભ હસ્ત દિક્ષિત ઘણા શિષ્યની સંપદા ।
મુનિરાજ માનસહંસ સમ શ્રી કુશલચંદ્ર નમું સદા ॥ ૩ ॥
માતા અમલ પિતુ જેતસી કોડાય પુર્વાશ્રમ વલી ।
ઓગણીશ સેહેને સાત દિક્ષા પાલીટાણે લે ભલી ॥
ચૌ માસ બાસઠ આમ નગરે થાય ગુરૂનાં સો મુદા ।
મુનિરાજ માનસ હંસ સમ શ્રી કુશલચંદ્ર નમું સદા ॥૪॥
સંવેગ રંગ તરંગ ઝીલી આત્મ રમણે મહાલતા ।
ગુરૂ બાહ્ય અંતર જે નિરંતર સત્ય સંયમ પાલતા ॥
તસ પાદ પકંજ દીપ મધુકર શાંતિ પામે સર્વદા ।
મુનિરાજ માનસ હંસ સમ શ્રી કુશલચંદ્ર નમું સદા ॥૫॥

# ઉપદેશક પદો.

## રાગ સારંગ.

મન માને નહિ સો ફેરા સમજાવું તોય શું થાય–એ રાગ.
નહિ ખબર કે પત્ર પહોંચ્યાના પરવાના કોઇએ ન મોકલ્યા,
સૌ કુટુંબ કલત્ર મુકી ગયા પણ કોઈ ન ફરી આવી મળ્યા.ટેક.
સામ્રાજ્ય રિદ્ધિ સિદ્ધિ ભારી, સુત માત તાતને સન્નારી,
મારૂં મારૂં કહે સંસારી, નહિ ખબર કે પત્ર૦ ૧
એ મમતા મોહ સહીત જાવે, પણ ત્યાંની ખબર ન કોઇ કહાવે,
અહીં મુખ બતલાવા નવ આવે. નહિ ખબર કે પત્ર૦ ૨
પિતુ પત્ર પાઠવે નહિ ભાવે, સંદેશો પુત્ર નહિ કહાવે,
એ ગુપ્ત ભેદ વિરલા પાવે, નહિ ખબર કે પત્ર૦ ૩
માંખોએ મધુરૂં મધ કીધું, નહી ખાધું દાન નહિં દીધું,
પણ લુંટારે લુંટી લીધું, નહિ ખબર કે પત્ર૦ ૪
ચણી હવેલીયો જોવા જેવી, પણ વાસ્તુ કર્યા વિણ ચ’ય સેવી,
અહા! દેવ તણી ગતિ છે કેવી? નહિ ખબર કે પત્ર. ૫
ધન સંચ પ્રપંચે પાપ બાંધ્યું, ગીધ સમ સ્વજને ફોલી ખાધું,
નવ મોકલ્યું માલીકને આધું, નહિ ખબર કે પત્ર. ૬
હાથે કીધું આવે સાથે, રહ્યું બાકી તે બીજા હાથે;
જાય પુણ્ય પાપ હોય સંગાથે, નહિ ખબર કે પત્ર. ૭
કોઇ આજ કાલ કોઈ પાંચ દશે, સૌ જન એ વાટે સંચરશે,
કરશે જેવું તેવું ભરશે, નહિ ખબર કે પત્ર. ૮
ખંખેરી હાથ ખરે ખાલી, ઓચિંતાનું જાવું ચાલી,

શી કરવી માથાકૂટ ઠાલી ! નહિ ખબર કે પત્ર. ૯
જે પંથી પહોચ્યા તે જાણે, બીજાની ચિંતા નવ આણે,
સાંકળચંદ કહે ન મળે ટાણે. નહિ ખબર કે પત્ર. ૧૦

---

સંસાર સમજ લે શાણા મુસાફરખાનું—એ રાગ.

એક દીન પંથીડા પ્યારા પંથે જવાનું, કોઇ નથી રહ્યું ને
કોઈ ન રહેવાનું પ્યારા, પંથે જવાનું—એક દીન. ટેક.
સ્વજન સબંધી મેળો વર્ષાનો વહેળો વહાલા, (૨)
પંખીનું ટોળુ આખર ઉડીને જવાનું-પ્યારા પંથે જવાનું,
એક દીન પંથીડા પ્યારા પંથે જવાનું.
જીવીત યૌવન રૂપ લાવણ્ય પ્રિય સમાગમ કારમા,
ચપળ ચપળા અથિર વૈભવ ડાભ જળબિંદુ સમા,
શો ગર્વ કરવો પ્રાણીયા ઉઠી જવું પળવારમાં;
કોણ પત્ર લખશે પ્રેમનો સંસારના પરિવારમાં,
દાન દયા પરમારથ સાધ્ય પ્યારા (૨) સાંકળચંદ જેથી,
તારે સ્હેજ તરવાનું, પ્યારા પંથે જવાનું—એક દીન પંથીડા૦

---

આંખ્ય વિના અંધારૂંરે, સહાય મારે આંખ્ય વિના—એ રાગ.

પંખી વિના કોણ મહાલેરે, પાંજરીયામાં પંખી વિના કોણ મહાલે,
હંસા પાંજરીઉ તારૂં, નથી કાયમ રહેનારૂં,
જાણું ન પડશે આજ કાલેરે. પાંજરીયામાં. ૧
જબ ગયા પંખી ઉડી, પડ રહ્યા માળા મુડી;
જમડા આવીને ટોચ ઝાલેરે. પાંજરીયામાં. ૨

વેપારી ઉઠી ચાલ્યો, હાટ મુકીને હાલ્યો;
દણા લહેણાનો હિસાબ આલેરે. પાંજરીયામાં. ૩
ધમણ પડી રહી છાની, અંતર અગની બુઝાની;
કોડ મુકીને લવાર ચાલેરે. પાંજરીયામાં. ૪
પરણી ડહેલીથી વહેલી, ઘેહે લગી સગા સબંધી;
ખાલી પાંજરીઉ ખોરી બાળેરે. પાંજરીયામાં. ૫
પિંજર સાંકળચંદ ગાવે, ભજ મન પ્રભુને ભાવે;
જનમ મરણના ફેરા ટાળે રે. પાંજરીયામાં. ૬

---

## રાગ આશાગોડી.

કામ છે દુષ્ટ વિકારી અહા પ્રભુ કામ છે દુષ્ટ વિકારી-એ રાગ.
મસ્ત ભયો તન ધનમે, મુસાફર મસ્ત ભયો તન ધનમે,
ઉઠ જાના એક છીનમે, મુસાફર મસ્ત ભયો૦ એ ટેક.
ઇસ તન ડેરા છોડ ચલેગા, હંસા પર ભવ વનમેં,
મીટ્ટીકા મઠ ફુંક દીએગા, મનકી રહેગી મનમે. મુસાફર. ૧
અક્કડ ફક્કડ મુછ મરોડત, ત્રાસ પડાવત જનમેં;
પર્ણકુટી જાળવતાં આખર, ગીર પડેગી પવનમેં મુસાફર. ૨
તન ધન વૈભવ સુપના જેસા, સંધ્યા રંગ ગગનમેં;
પલકી ખબર નહિ પ્રાણીને, રાવ રંક હોય છીનમેં.મુસાફર. ૩
ક્યા અભિમાન કરે મનમર્કટ, સાંકળચંદ સ્વજનમેં;
તન ધન અર્પણ કર પરમારથ, મન ધર પ્રભુકે ભજનમેં.મુસા૦ ૪

---

## जंगम युग प्रधान पूज्याचार्य भट्टारक
## श्रीमान् भ्रातृचंद्र सूरीश्वर
### सद्गुरुभ्यो नमो नमः

अनुष्टुप् छन्दः ।

मुखाम्बुजसमुत्पन्न-शास्त्रसारमधु मुनिम् ।
श्रीभ्रातृचन्द्रसूरीन्द्रं वन्दे नन्दथुदायकम् ॥ १ ॥

मुखरूप कमलसे शास्त्रोंके साररूप मकरंद उत्पन्न करने वाले, मुनिराज, आनन्ददायक श्रीभ्रातृचन्द्र सुरीश्वरजीको मैं प्रणाम करताहूं ॥ १ ॥

मालिनीवृत्तम् ।

कुशलसलिलवर्षाम्भोधरं धैर्यवन्तं
दुरितदलनमार्गं सत्वरं सूचयन्तम्
जिनपतिपदपद्मोपासनादत्तचित्तं
निजहृदि कलयामो भ्रातृचन्द्रं हि सूरिम् ॥६॥

कुशलरूप जलकी वृष्टि करनेमें मेघरूप, धैर्यवान्, पापके नाश करनेके मार्गको जलदी बतलाते हुए, जिनराजके चरणकमलकी सेवामें एकाग्रचित्त, ऐसे श्रीभ्रातृचन्द्रसूरीश्वरजीको हम अपने हृदयमें धारण करते हैं ॥ ६ ॥

शार्दूलविक्रीडितं वृत्तम् ।

सारासारविचारचारणरतं वश्येन्द्रियग्रामकं
सिद्धान्तागममर्मवेदिनममुं सत्यप्रियाज्ञापणम् ।
सम्यक्त्वोत्तममार्गसूचनपरं साक्षाद्गुरुं वा स्थितं
श्रीमन्तं धृतचारुसूरिपदकं श्रीभ्रातृचन्द्रं भजे ।८॥

सार और असारके विचार करनेमें तत्पर, जितेन्द्रिय, सिद्धान्त और आगमोंके मर्मको जानने वाले, सत्य और प्रिय बोलने वाले, सम्यक्त्वके उत्तम मार्गको बतलाने वाले, सूरिपदको धारण करने वाले साक्षात् बृहस्पतिके जैसे इन श्रीमान् मुनि महाराजश्री भ्रातृचन्द्रजीको सेवन करताहूं॥८॥

ली. आपना चरणकमळनो भ्रमर

शा. मं. ल.

# શુદ્ધિપત્ર.

છઠા પેજની તેરમી લાઇનમાં " વ્યોમ " ને_૦ " સોમિ " વાંચવું.

## સ્મરણ સ્થાનમાં રાખવા યોગ્ય હિત શિક્ષા

---

૧ યાદ રાખવું કે જે સરતોથી આપણને જીંદગી બક્ષવ આવી છે તેમાં મહેનત[illegible] મુખ્ય છે.

૨ વખત, એ સુવર્ણનો ટુકડો છે. એક ક્ષણનો પણ સાબ રાખજો.

૩ જે વર્તણુક બીજા માણસોથી પોતાની સાથે ચલાવવા ઇચ્છતા હો તે વર્તણુ[illegible] બીજાની સાથે તમોએ ચાલવું જોઇએ.

૪ આજ કરવા યોગ્ય કામ કાલ ઉપર રાખશો નહિ.

૫ તમારાથી થઈ શકે તે કામ બીજાને કરવા કહેવું નહિ.

૬ પારકી વસ્તુનો લોભ કરવો નહિ.

૭ કોઈ પણ બાબત નજીવી ગણી કાઢી નાંખવી નહિ.

૮ ઉપજ કરતાં વધારે ખરચ કરવું નહિ.

૯ તમારા કામકાજમાં યોગ્ય વ્યવસ્થા રાખજો.

૧૦ તમારી જીંદગી પરનું ભલું કરવામાં ગાળજો.

૧૧ તમારી જીંદગી સાદી અને કરકસરથી ગાળજો.

૧૨ સોબત સારાની કરજો ને આળસુ રહેશો નહિ.

૧૩ હાથને માટે ઉપીયોગી કામ ન મળે તો મગજને કેળવજો.

શા. મંગળદાસ લલ્લુભાઇ.